# પોલીસ અધીક્ષકની કચેરી,
# વડોદરા ગ્રામ્ય, વડોદરા

**તા.૦૮/૦૫/૨૦૨૫**

## ❁ પ્રેસ નોટ ❁

**પ્લાસ્ટીકના રોલની આડમાં બંધ બોડીના ગાડીમાં ભરીને લઇ જવાતો ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૪૪૮૧૦ કિ.રૂ.૬૮,૧૪,૪૦૦/- નો પ્રોહી મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી લોકલ ક્રાઇમ બ્રાંન્ચ વડોદરા ગ્રામ્ય**

**શ્રી મનોજ નિનામા, ઇન્ચાર્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી વડોદરા વિભાગ, વડોદરા તથા શ્રી રોહન આનંદ પોલીસ અધીક્ષક, વડોદરા ગ્રામ્ય,વડોદરા** નાઓએ દારુ/જુગારની ગેરકાયદેસર પ્રવૃતી અંકુશમાં લેવાના ઉદેશથી પ્રોહીની હેરાફેરી/વેચાણની પ્રવુતિ કરતા ઇસમો ઉપર વોચ રાખી પ્રોહીબીશનની અસામાજીક પ્રવૃતિ નેસ્ત નાબુદ થાય તે રીતેની કાર્યવાહી કરવા, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી અલગ જગ્યાઓએ જરૂરી વાહન ચેકીંગ કરવા તથા પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા માટે નાકાબંધી/વોચ રાખી કોઇ અસામાજીક પ્રવૃતી જણાઇ આવે તો કાયદેસરની કાર્યવાહી કરવા તમામ અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ હતી.

**શ્રી કૃણાલ પટેલ, પોલીસ ઇન્સ્પેકટર, એલ.સી.બી. વડોદરા ગ્રામ્ય** નાઓ ધ્વારા તાબાના અધિકારીશ્રી તથા સ્ટાફને વધુ માં વધુ વિદેશી દારૂના પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા અર્થે તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતા ઇસમો ઉપર વોચ રાખી અસરકારક કામગીરી કરી કેસો શોધી કાઢવા જરૂરી સુચના/માર્ગદર્શન આપેલ જે આધારે ગઇકાલ રાત્રીથી **શ્રી એસ.જે.રાઠવા પો.સ.ઇ. એલ.સી.બી. તથા એલ.સી.બી. ટીમ** જરોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાઇવે ઉપર પ્રોહીની હેરાફેરી અંગે વોચ તથા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એલ.સી.બી. ટીમના **(૧) અ.હે.કો. સિધ્ધરાજસિંહ સતુભા બ.નં.-૧૦૭૬ (૨) અ.હે.કો દેવરાજસિંહ પ્રવિણસિંહ બં.નં.૧૦૫૦ (૩) અ.હે.કો. શકિતસિંહ મહેન્દ્રસિંહ બ.નં.-૧૦૩૭** નાઓને સંયુકતપણે ચોકકસ બાતમી હકિકત મળેલ કે, એક બંધબોડી અશોક લેલન ગાડી નંબર WB-25-K-8575 માં ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ભરીને વડોદરા થી હાલોલ તરફ જનાર હોવાની બાતમી હકિકત મળેલ હોય જે આધારે એલ.સી.બી. ટીમ આસોજ ગામની સીમમાં જોર્ડ કંપની આગળ રોડ ઉપર વડોદરા થી હાલોલ તરફ જતી ટ્રેક ઉપર બાતમીવાળી બંધબોડી અશોક લેલન્ડ ગાડીની વોચમાં ગોઠવાઇ ગયેલ દરમ્યાન બાતમી વાળી ગાડી આવતા તેને કોર્ડન કરી ઝડપી પાડી ગાડીમાં ડ્રાઇવર એકલો જ હોય જેને નીચે ઉતારી નામઠામ પુછતા **નાસીર ઇબ્રાહીમ મનસુરી રહે.૧૪, ગ્રીનપાર્ક, ધાર રોડ ઇન્દૌર ( M.P.)** નો હોવાનું જણાવતા ગાડીમાં તપાસ કરતા પેકીંગ કરવાના પ્લાસ્ટીકના રોલની આડમાં વિદેશી દારૂ ભરેલ હોવાનું જણાઇ આવતા જે બહાર કાઢી ગણતરી કરતા જુદા જુદા માર્કાની **બનાવટના વિદેશી દારૂ/બીયરની પેટીઓ-નંગ-૧૧૩૯ જેમાં કુલ બોટલ નંગ-૪૪૮૧૦ કિ.રૂ.૬૮,૧૪,૪૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૧ કિ.રૂા.૫,૦૦૦/- તથા રોકડા રૂ.૫,૦૦૦/- તથા અશોક લેલન ગાડી કિ.રૂા.૧૦,૦૦,૦૦૦/- તથા પ્લાસ્ટીકના રોલ, કાગળોની ફાઇલ વિગેરે મળી કુલ રુપિયા-૭૮,૨૪,૪૦૦/-** નો કુલ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

ઉપરોકત પકડાયેલ ડ્રાઈવર ઈસમને ભારતીય બનાવટનો વિદેશીદારુનો જથ્થો કોની પાસેથી, ક્યાંથી ભરી લાવેલ છે અને કોને, કઈ જગ્યાએ આપવાનો હતો જે બાબતે પુછપરછ કરતા જાવેદ રહે.ઈન્દોર (M.P.) નામના ઈસમે તા.૦૬/૦૫/૨૫ ના રોજ ઈન્દોર–૨૫ હાઈવે ઉપરથી ઉપરોકત બંધબોડી અશોક લેલન્ડ ગાડીમાં પેકીંગ કરવાના પ્લાસ્ટીકના રોલની આડમાં વિદેશીદારૂની પેટીઓ ભરેલ ગાડી આપેલ હતી અને ગુજરાતના સુરત ખાતે પહોચી ફોન કરવા જણાવેલ હતુ ડ્રાઈવર સુરત ખાતે પહોચી ફોન કરતા હાલોલ ખાતે ગાડી લઈને જવા જણાવતા પકડાયેલ ડ્રાઈવર ઈસમ તેમજ વિદેશી દારૂનો જથ્થો સપ્લાય કરનાર ઉપરોકત ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જરોદ પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગણનાપાત્ર કેસ રજીસ્ટર કરાવવામાં આવેલ છે.

### ☞ કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારીઓ ::–

**(૧) શ્રી એસ.જે.રાઠવા, પોલીસ સબ ઈન્સ્પેકટર**
**(૨) અ.હે.કો. સિધ્ધરાજસિંહ સતુભા બ.નં.–૧૦૭૬**
**(૩) અ.હે.કો દેવરાજસિંહ પ્રવિણસિંહ બં.નં.૧૦૫૦**
**(૪) અ.હે.કો. શકિતસિંહ મહેન્દ્રસિંહ બ.નં.–૧૦૩૭**
**(૫) આ.હે.કો.મેહુલસિંહ અનોપસિંહ બં.નં.૨૩૨**
**(૬) આ.પો.કો. જયપાલસિંહ કરણસિંહ બં.નં. ૩૯૦**

**આમ, લોકલ ક્રાઈમ બ્રાંન્ચ, વડોદરા ગ્રામ્ય દ્વારા પ્લાસ્ટીકના રોલની આડમાં બંધબોડીના અશોક લેલન ગાડીમાંથી ગેરકાયદેસર ભરીને લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશીદારૂની પેટી ૧૧૩૯ કુલ બોટલ નંગ–૪૪૮૧૦ કિ.રૂા.૬૮,૧૪,૪૦૦/–ના વિશાળ માત્રામાં જથ્થા સાથે આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.**

| | | |
|---|---|---|
| | **પોલીસ અધીક્ષકની કચેરી,**<br>**વડોદરા ગ્રામ્ય, વડોદરા** | |

**તા.૧૨/૦૫/૨૦૨૫**

## ☙ પ્રેસ નોટ ❧

## ઓપરેશન સિંદૂર દરમિયાન ગુજરાતમાં સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી પોસ્ટ કરનાર ૧૪ લોકો સામે FIR દાખલ

**સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી અને સૈન્યનું મનોબળ તૂટે તેવું પોસ્ટ કરનાર લોકો સામે કડક કાર્યવાહી કરવા આદેશ અપાયા હતા....**

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે ભારતીય સૈન્ય દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી, નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી પોસ્ટ કરનાર ૧૪ વ્યક્તિઓ સામે ગુજરાત પોલીસે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આવી દેશવિરોધી અને વૈમનસ્ય ફેલાવનારી પોસ્ટ કરનાર તત્વો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ સાથે, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે પણ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી, નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી ખોટી માહિતી, અફવાઓ કે સૈન્યની સુરક્ષાને જોખમમાં મૂકનારી પોસ્ટનું નિરીક્ષણ કરી, તાત્કાલિક ગુનો દાખલ કરવા અને આવા તત્વો સામે ત્વરિત કડક કાર્યવાહી કરવા રાજ્યની પોલીસને આદેશ આપ્યા હતા.

ગુજરાત પોલીસની ઈન્ટેલિજન્સ શાખા તેમજ અન્ય જિલ્લાના સાયબર સેલ યુનિટ દ્વારા આવી પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. આ દરમિયાન, ૧૪ વ્યક્તિઓએ દેશવિરોધી, લોકોમાં વૈમનસ્ય ફેલાય અને સૈન્યનું મનોબળ તોડે તેવા લખાણો પોસ્ટ કર્યા હોવાનું ધ્યાને આવતા તેમની સામે FIR દાખલ કરવામાં આવી છે.

**જેમાં ખેડા જિલ્લામાં ૦૨, ભૂજમાં ૦૨ આણંદ જિલ્લામા 02 FIR ઉપરાંત જામનગર, જુનાગઢ, વલસાડ, બનાસકાંઠા, અમદાવાદ શહેર, સુરત શહેર, વડોદરા અને પાટણ જિલ્લામાં એક-એક મળી કુલ ૧૪ FIR દાખલ કરી કડક કાર્યવાહી કરવામાં આવેલ છે.**

| | | |
|---|---|---|
| GUJARAT POLICE | **પોલીસ અધીક્ષકની કચેરી,**<br>**વડોદરા ગ્રામ્ય, વડોદરા** | GUJARAT POLICE |

**તા.૧૯/૦૫/૨૦૨૫**

# પ્રેસ નોટ

**અશોક લેલન ટ્રકમાં ભરીને લઈ જવાતો ભારતીય બનાવટની વિદેશી દારૂના બીયર ટીન નંગ-૨૯૮૮૦ કિ.રૂ.૫૭,૨૨,૫૬૦/- નો પ્રોહી મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી લોકલ ક્રાઈમ બ્રાંન્ચ વડોદરા ગ્રામ્ય**

**શ્રી મનોજ નિનામા, ઈન્ચાર્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી વડોદરા વિભાગ, વડોદરા તથા શ્રી રોહન આનંદ પોલીસ અધીક્ષક, વડોદરા ગ્રામ્ય,વડોદરા** નાઓએ દારુ/જુગારની ગેરકાયદેસર પ્રવૃતી અંકુશમાં લેવાના ઉદેશથી પ્રોહીની હેરાફેરી/વેચાણની પ્રવુતિ કરતા ઈસમો ઉપર વોચ રાખી પ્રોહીબીશનની અસામાજીક પ્રવૃતિ નેસ્ત નાબુદ થાય તે રીતેની કાર્યવાહી કરવા, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી અલગ જગ્યાઓએ જરૂરી વાહન ચેકીંગ કરવા તથા પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા માટે નાકાબંધી/વોચ રાખી કોઇ અસામાજીક પ્રવૃતી જણાઇ આવે તો કાયદેસરની કાર્યવાહી કરવા તમામ અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ હતી.

**શ્રી કૃણાલ પટેલ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. વડોદરા ગ્રામ્ય** નાઓ દ્વારા તાબાના અધિકારીશ્રી તથા સ્ટાફને વધુ માં વધુ વિદેશી દારૂના પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા અર્થે તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતા ઈસમો ઉપર વોચ રાખી અરસકારક કામગીરી કરી કેસો શોધી કાઢવા જરૂરી સુચના/માર્ગદર્શન આપેલ જે આધારે ગઈકાલ તા.૧૮/૦૫/૨૫ નારોજ **શ્રી પી.કે.ભુત પો.સ.ઈ. એલ.સી.બી. તથા એલ.સી.બી. ટીમ** કરજણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાઇવે ઉપર પ્રોહીબીશનની હેરાફેરી અંગે વોચ તથા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ચોકકસ બાતમી હકિકત મળેલ કે, એક અશોક લેલન ટ્રક નંબર MP-09-HH-6570 માં ગે.કા વિદેશી દારૂનો જથ્થો ભરીને સુરત તરફથી ભરૂચ થઇ વડોદરા તરફ આવનાર છે, જે ચોકકસ બાતમી હકિકત આધારે એલ.સી.બી. ટીમ કરજણ પોલીસ સ્ટેશનની હદના ને.હા.નંબર-૪૮ ઉપર આવેલ, સાગર હોટલ નજીક ભરૂચ થી વડોદરા તરફ આવતા ટ્રેક ઉપર ઉપરોકત બાતમી વાળી ટ્રકની વોચમાં રહેતા બાતમી વાળી ટ્રક આવતા તેને કોર્ડન કરી ઝડપી પાડી ગાડીમાં ડ્રાઇવર એકલો જ હોય જેને નીચે ઉતારી નામઠામ પુછતા **રાજેશ વેનશીમલ જેસવાણી રહે. ઘર નંબર-૦૭, રાજ સોસાયટી, સૈજપુર બોઘા, નરોડા પાટીયા, અમદાવાદ શહેર**નો હોવાનું જણાવતા તેને સાથે રાખી ટ્રકમાં બાંધેલ તાળપત્રી હટાવી તપાસ કરતા વિદેશી દારૂ ભરેલ હોવાનું જણાઇ આવતા જે બહાર કાઢી ગણતરી કરતા જુદા જુદા માર્કાની ભારતીય **બનાવટની વિદેશી બીયરની કુલ પેટી નંગ- ૧૧૫૭ તથા છુટા બીયરના ટીન મળી કુલ બીયરના ટીન નંગ- ૨૯૮૮૦ કિંમત કિ.રૂ.૫૭,૨૨,૫૬૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૫,૦૦૦/- તથા અશોક લેલન ટ્રક કિ.રૂા.૧૦,૦૦,૦૦૦/- તથા તાડપત્રી કી.રૂ. ૨૦૦૦/- તથા કાગળોની ફાઇલ વિગેરે મળી કુલ રુપિયા-૬૭,૨૨,૫૬૦/-** નો કુલ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

ઉપરોકત પકડાયેલ ડ્રાઈવર ઈસમને ભારતીય બનાવટનો વિદેશીદારુનો જથ્થો કોની પાસેથી, ક્યાંથી ભરી લાવેલ છે અને કોને, કઈ જગ્યાએ આપવાનો હતો જે બાબતે પુછપરછ કરતા બન્નાજી નામના ઈસમે તેને કોલ કરીને તું ડ્રાઈવીંગ કરે છે તો મહારાષ્ટ્રના મુંબઈ નજીક વાસી ખાતે આવીને ગાડી લઈ જા તને ટ્રીપના સારા પૈસા મળશે જેથી ડ્રાઈવર અમદાવાદ થી વાસી ખાતે જઈને હાઈવે ઉપરથી ઉપરોકત વિદેશી દારૂ ભરેલ ટ્રક લઈને નિકળેલ હોવાની હકિકત જણાવતા પકડાયેલ ડ્રાઈવર ઈસમ તેમજ વિદેશી દારૂનો જથ્થો સપ્લાય કરનાર ઉપરોકત ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કરજણ પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગણનાપાત્ર કેસ રજીસ્ટર કરાવવામાં આવેલ છે.

**☞ કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારીઓ ::-**

**(૧) શ્રી પી.કે.ભુત, પોલીસ સબ ઈન્સ્પેકટર**
**(૨) અ.હે.કો. ભુપતભાઈ વિરમભાઈ બ.નં.-૧૦૧૯**
**(૩) અ.હે.કો. ખોડાભાઈ રાણાભાઈ બ.નં.૧૨૦૩**
**(૪) અ.હે.કો. ગજાભાઈ વાઘાભાઈ બ.નં.૧૧૯૮**
**(૫) અ.હે.કો. પ્રવિણસિંહ રણવીરસિંહ બ.નં.૧૨૧૮**
**(૬) આ.પો.કો. વિનોદકુમાર કિશનસિંહ બ.નં.-૨૪૫**
**(૭) અ.પો.કો. હર્ષકુમાર સનાતનભાઈ બ.નં.૧૩૫૭**

**આમ, લોકલ ક્રાઈમ બ્રાંન્ચ, વડોદરા ગ્રામ્ય દ્વારા અશોક લેલન ટ્રકમાંથી ગેરકાયદેસર ભરીને લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશીદારૂની બીયરની કુલ પેટી નંગ-૧૧૫૭ તથા છુટા બીયરના ટીન મળી કુલ બીયરના ટીન નંગ- ૨૯૮૮૦ કિ.રૂ.૫૭,૨૨,૫૬૦/- ના વિશાળ માત્રામાં જથ્થા સાથે આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.**

| | | |
|---|---|---|
| | **PARAROLE-FURLOUGH SQUAD**<br>**VADODARA RURAL VADODARA** | |

## <u>પ્રેસનોટ તા.૦૫/૦૫/૨૦૨૫</u>

# <u>વરણામા પો.સ્ટે.ના મારા-મારીના ગુનાના કામે છેલ્લા છ માસથી નાસતા- ફરતા બંને આરોપીને શોધી કાઢતી વડોદરા ગ્રામ્ય જિલ્લા પેરોલ-ફર્લો સ્કવોર્ડ</u>

અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ ગુ.રા.,ગાંધીનગર નાઓ દ્વારા રાજ્યના નાસતા-ફરતા આરોપીઓ પકડવા સારૂ <u>તા.૦૫/૦૫/૨૦૨૫ થી તા.૨૦/૦૫/૨૦૨૫ દરમ્યાન દિન-૧૫</u> વધુમાં વધુ નાસતા-ફરતા આરોપીઓ પકડવા અંગેની ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ જે ડ્રાઇવ અનુસંધાને **શ્રી સંદીપ સિંહ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા વિભાગ, વડોદરા તથા શ્રી રોહન આનંદ, પોલીસ અધિક્ષક, વડોદરા ગ્રામ્ય, વડોદરા** નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન જિલ્લામાં વિવિધ ગુનામાં નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા તથા આવા ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ જરૂરી સુચના અને માર્ગદર્શન પુરૂ પાડેલ.

**વરણામા પો.સ્ટે. પાર્ટ એ- ૧૧૧૯૭૦૫૪૨૪૧૨૮૬/૨૦૨૪ બી.એન.એસ.કલમ- ૧૧૭(૨), ૨૯૬(બી), ૫૪,૩૨૪(૪) તથા જી.પી એક્ટ કલમ-૧૩૫** મુજબનો ગુનો નોંધાયેલ. જે ગુનાના કામના નાસતા-ફરતા આરોપીઓ <u>**(૧) સંજયભાઇ ભોપાભાઇ (મેર) ભરવાડ રહે, કૃષ્ણનગર ધાંઘરેટીયા વડોદરા શહેર તથા (૨) મુકેશભાઇ ખેંગારભાઇ ભરવાડ રહે.સંતોષવાડી, દંતેશ્વર, વડોદરા શહેર**</u> નાઓ છેલ્લા છ માસથી પોલીસ નજરથી ચોરી-છુપાઇને રહેતા અને પોલીસ ધરપકડથી દુર હતા.

જે સંદર્ભે **શ્રી વિ.જી.લાંબરીયા, પોલીસ સબ ઇન્સ્પેકટર, પેરોલ-ફર્લો સ્કવોર્ડ, વડોદરા ગ્રામ્ય** નાઓએ ડ્રાઇવ દરમ્યાન સ્ટાફના માણસોને વિવિધ ગુનાના કામે નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા સારૂ આરોપીના વસવાટના સંભવિત તમામ સ્થળો પર જરૂરી વોચ ગોઠવી, કેશ કાગળોનો ઝીણવટભરી રીતે અભ્યાસ કરી, માહિતી એકત્રીત કરી, વિશ્વાસુ બાતમીદારોને સક્રિય કરી આરોપીઓને શોધી કાઢી પરીણામલક્ષી કામગીરી કરવા સુચના આપેલ જે દરમ્યાન પેરોલ-ફર્લો ટીમના **(૧) હે.કો.સંજયભાઇ ગોવિંદભાઇ (૨) હે.કો.ગૌતમભાઇ ગણેશભાઇ** નાઓને મળેલ સંયુકત બાતમી આધારે સદરહુ આરોપીઓની તપાસ કરતા અંગત બાતમીદારે બાતમી આપેલ કે, બંને આરોપીઓ વડોદરા શહેર ખાતે હોવાની સચોટ માહિતી મળતા તેઓ તાત્કાલિક વોચ તપાસમાં ગયેલ જે દરમ્યાન <u>**મોજે. ક્રિષ્ણા હોટેલ પાસે, કપુરાઇ ચોકડી, વડોદરા શહેર**</u> ખાતેથી બંને આરોપીઓને શોધી કાઢી હસ્તગત કરેલ અને આગળની જરૂરી કાર્યવાહી સારૂ **વરણામા પો.સ્ટે.**માં સોંપવામાં આવેલ છે.

## <u>પકડાયેલ આરોપીઓ:-</u>

**(૧) સંજયભાઇ ભોપાભાઇ (મેર) ભરવાડ રહે, ક્રુષ્ણનગર ધાંધરેટીયા વડોદરા શહેર.**

**(૨) મુકેશભાઇ ખેંગારભાઇ ભરવાડ રહે.સંતોષવાડી, દંતેશ્વર, વડોદરા શહેર**



## <u>સફળ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

(૧) શ્રી વિ.જી.લાંબરીયા,પોલીસ સબ ઇન્સપેક્ટર

(૨) અ.હે.કો.સંજયભાઇ ગોવિંદભાઇ

(૩) આ.હે.કો.ગૌતમભાઇ ગણેશભાઇ

(૪) અ.પો.કો.દિલીપસિંહ નટવરસિંહ

| | | |
|---|---|---|
| GUJARAT POICE | **PARAOLE-FURLOUGH SQUAD**<br>**VADODARA RURAL VADODARA** | GUJARAT POLICE |

## <u>પ્રેસનોટ તા.૨૪/૦૫/૨૦૨૫</u>

# <u>ફેમીલી કોર્ટ, જંબુસરના ક્રિમીનલ પરચુરણ અરજી આધારે ભરણપોષણના કામે કુલ ૧૨૦૦ દિવસની સાદી કેદની સજા વોરંટના કામના નાસતા-ફરતા આરોપીને શોધી કાઢતી વડોદરા ગ્રામ્ય જિલ્લા પેરોલ-ફર્લો સ્કવોર્ડ</u>

**શ્રી રોહન આનંદ, પોલીસ અધિક્ષક, વડોદરા ગ્રામ્ય, વડોદરા** નાઓએ ફેમીલી કોર્ટ, જંબુસરના ક્રિમીનલ પરચુરણ અરજી નં.૪૫/૨૦૨૫ ભરણપોષણની રકમ આપવામાં કસુર થયેલ ૧૨૦૦ દિવસની સાદી કેદની સજાના વોરંટ હુકમ અનુસંધાને આ કામના કસુરદારને તાત્કાલિક ઝડપી પકડી પાડવા સારૂ જરૂરી સુચના અને માર્ગદર્શન પુરૂ પાડેલ.

**ફેમીલી કોર્ટ, જંબુસર ક્રિમીનલ પરચુરણ અરજી નં.૪૫/૨૦૨૫ ના કામના સામાવાળા જયકુમાર મણિલાલ સોલંકી રહે.મુ.સુરવાળા, તા.કરજણ,જિ.વડોદરા** નાએ તેમની પત્નીને દર મહિને રૂ.૩૫૦૦/- લેખે ભરણપોષણ માટે આપવાના થતા તેઓએ કોર્ટના હુકમની અવગણના કરી તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૦૨/૦૨/૨૦૨૫ સુધીના ૪૦ (ચાલીસ) માસ માટે ભરવાની રૂ.૧,૪૦,૦૦૦/-ની રકમ આપવામાં કસુર કરેલ જે ૪૦ માસના કુલ  રૂ.૧,૪૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર પુરા) નહિ ભરવા બદલ પ્રત્યેક માસ દીઠ દિન-૩૦ લેખે કુલ ૧૨૦૦ (એક હજાર બસો) દિવસની મુદ્દતની સાદી કેદની સજા ફેમીલી કોર્ટ જંબુસર નાઓ દ્વારા ફરવામાં આવેલ.

જે સંદર્ભે **શ્રી વિ.જી.લાંબરીયા, પોલીસ સબ ઇન્સ્પેકટર, પેરોલ-ફર્લો સ્કવોર્ડ, વડોદરા ગ્રામ્ય** નાઓએ
ફેમીલી કોર્ટ, જંબુસર ક્રિમીનલ પરચુરણ અરજી નં.૪૫/૨૦૨૫ના કામના સામાવાળાને કુલ ૧૨૦૦ (એક હજાર બસો) દિવસની મુદ્દતની સાદી કેદની સજા વોરંટ ફરમાવેલ જે વોરંટ આધારે પેરોલ-ફર્લો સ્કવોર્ડના માણસોને જરૂરી સૂચના માર્ગદર્શન આપી સામાવાળાને તાત્કાલિક શોધી કાઢવા સારૂ તેના વસવાટના સંભવિત તમામ સ્થળો પર જરૂરી વોચ ગોઠવી, માહિતી એકત્રીત કરી, વિશ્વાસુ બાતમીદારોને સક્રિય કરી તેને  શોધી કાઢી પરીણામલક્ષી કામગીરી કરવા સુચના આપેલ. જે દરમ્યાન પેરોલ-ફર્લો ટીમના **આ.પો.કો.હિતેન્દ્રસિંહ નારસિંહ** નાઓને મળેલ બાતમી આધારે સદરહુ આરોપીની તપાસ કરતા અંગત બાતમીદારે બાતમી આપેલ કે, આરોપી કરજણ તાલુકા વિસ્તારમાં હોવાની સચોટ માહિતી મળતા તેઓ તાત્કાલિક વોચ તપાસમાં ગયેલ જે દરમ્યાન **<u>મોજે</u>** **<u>મુ.સુરવાળા, તા.કરજણ,જિ.વડોદરા</u>** ખાતેથી આરોપીને શોધી કાઢી હસ્તગત કરેલ અને આગળની જરૂરી કાર્યવાહી સારૂ **કરજણ પો.સ્ટે**.માં સોંપવામાં આવેલ છે.

## <u>પકડાયેલ આરોપી:-</u>

**જયકુમાર મણિલાલ સોલંકી રહે.મુ.સુરવાળા, તા.કરજણ,જિ.વડોદરા**




**સફળ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

(૧) શ્રી વિ.જી.લાંબરીયા,પોલીસ સબ ઇન્સપેક્ટર

(૨) અ.હે.કો.સંજયભાઇ ગોવિંદભાઇ

**(૩) આ.પો.કો. હિતેન્દ્રસિંહ નારસિંહ**

(૪) ડ્રા.હે.કો.અબ્દુલસમીર અબ્દુલકાદર